**કૃપાકરી પ્રસિધ્ધી માટે–** **૯ માર્ચ ૨૦૦૯**

## ભારતીય જનતા પક્ષ દહિસર ,બોરીવલી, અને ચારકોપ મંડળ નાં બુથ સમિતી સંમ્મેલન યોજાયાં

**મુંબઈ,સોમવાર :** "૧૯૯૧ ની સાલમાં સંસદમાં બેબીફૂડ ની સામે માતાના દૂધ ની ઉપકારકતા ને ધ્યાનમાં લઈ બાળક ને સ્તનપાન તેના આરોગ્ય ખાતર આવશ્યક હોઈ બેબીફૂડની જાહેરાતો પર પ્રતિબંધ લાદવા માટે મેં કરેલા પ્રયાસો ,અને લોકલ ટ્રેનો માં સીમાચિન્હ રૂપ મહિલા લોકલ ટ્રેન આજે મહિલા દિવસ નિમીત્તે મારા સાંસદ તરીકે કરેલાં કાર્યો મારફત સાચી શુભેચ્છા બની રહે છે.તેવું આજે પણ મને ગૌરવાસ્પદ લાગે છે." આ મુજબનાં શબ્દો વડે માજી પેટ્રોલિયમ પ્રધાન શ્રી રામ નાઈકે દહિસર ખાતે યોજાએલ ભાજપના બુથ સમિતી સંમ્મેલન માં મહિલા દિવસની શુભેચ્છા આપી હતી.૨૩૦ મતદાન કેંદ્ર અને ૨,૬૬૦૦૦ ધરાંવતા દહિસર વિધાનસભા ક્ષેત્રનાં પ્રમુખ કાર્યકર્તાઓ સમક્ષ શ્રી રામનાઈકે એવાત નો પણ ઉલ્લેખ કર્યો હતોકે આપણે આગામી લોકસભા ચૂંટણી જંગમાં ઉતરતાં એ વાત નોંધવી ઘટે કે ગત લોકસભા ૩૩૧ દિવસ ચાલી અને ઉત્તર મુંબઈથી કોંગી સાંસદ શ્રી ગોવિંદાએ માત્ર ૪૧ દિવસ ઉપસ્થિતી આપી જેમાં સ્થાનિક પ્રશ્નો માટે તો એકેવખત મોં જ ન ખોલ્યું. અને સંસદ ના છેલ્લાં દહાડે પણ તેમણે ઉપસ્થિતી ન આપી સંસદ ની ગરીમા ન જાળવી.આ દુઃખદ બાબત આપણે જનતા સમક્ષ ચોકકસ મુકવી પડશે.એમ પણ શ્રી રામ નાઈકે કહ્યું હતું.

"આપણાં સાર્મથ્યને બોરીવલી - દહિસરની પ્રજાએ કાયમ વોટોથી જોળી ભરી બીરદાવેલ છે,માટે આપણે ફરી વખત જનતા સમક્ષ આપણાં કાર્યો લઈ વિશ્વાસ નિર્માણ કરવાનો છે આપણાં પોતાનામાં વિશ્વાસ અને જનતામાં વિશ્વાસ સાથે આ ચૂંટણી આપણે ચોકકસ જીતીશું અને ઉત્તર મુંબઈ ખાતેના ગયાં વખતના પરાજયની ભરપાઈ આપણે આફેરેના વિજયથી કરીએ." ધારાસભ્ય શ્રી ગોપાળ શેટ્ટીએ આ બુથ સમિતી સંમ્મેલનમાં કહ્યું હતું.

એસિવાય અન્ય વકતાઓએ આ પ્રસંગે કોંગ્રેસે જનતાને આપેલ મોંઘવારી, ભ્રષ્ટાચાર,અસુરક્ષિત મુંબઈ, ત્રાસવાદ જેવા મુદ્દા ઓ ને નાથવા ભાજપી કાર્યકર્તાઓએ ચુંટણી જંગમાં જંપલાવવું જોઈએ એવી હાકલ આ પ્રસંગે કરી હતી. દહિસર વિધાનસભા ના અધ્યક્ષ શ્રી શ્રીકાંત પાંડે, બોરીવલી વિધાનસભાનાં અધ્યક્ષ નગરસેવક શ્રી મોહન મીઠબાવકર,ચારકોપ ખાતે નાં વિધાનસભા અધ્યક્ષ શ્રી બાબા સિંહે પ્રાસ્તાવિક દ્વારા બુથ સમિતી સંમ્મેલનો ની શરૂઆત કરી હતી.

મહારાષ્ટ્ર ભાજપનાં ઉપાધ્યક્ષ શ્રી ભાઈ ગિરકર,ઉત્તર મુંબઈ જીલ્હાનાં અધ્યક્ષ શ્રી યોગેશ સાગર,મુબઈનાં ડૅ.મેયર શ્રી વિનોદ ઘેડિયા,નગરસેવકો સર્વશ્રી પ્રવિણ શાહ,શૈલજા ગિરકર,ભારતી કેણી,મુંબઈ ભાજપનાં ઉપાધ્યક્ષ શ્રી જયપ્રકાશ ઠાકૂર, આર યુ સીહ, ઉત્તર મુંબઈ ભાજપનાં મહામંત્રી શ્રી જયપ્રકાશ મિશ્રા,શ્રીમ.અલ્કાનરસાળે,કોષાધ્યક્ષ શ્રી રામબ્રીજ યાદવ,માજી ડૅ.મેયર શ્રી રમેશ મેઢેકર, માગાઠાણે ના અધ્યક્ષ શ્રી ગણેશ ખણકર,શ્રી મહેશ રાઉત વગેરે પણ આ સંમ્મેલનમાં ઉપસ્થિત રહ્યાં હતાં.

**(કાર્યાલય સચિવ)**